# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૨૪-૦૫-૨૦૨૫**

- **૪૦૦૦ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ક્યા કારણોસર નથી કરવામાં આવતી એનું કારણ સત્તાવાર રીતે રાજ્ય ચુંટણી આયોગ જાહેર કરે**
- **સમગ્ર દેશને પંચાયતી રાજનું મોડલ આપનાર ગુજરાતમાં જ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને લોકશાહીના ફાયદાથી વંચિત રાખવા ૪૦૦૦ ગ્રામ પંચાયતમાં ૩ વર્ષ જેટલા લાંબા સમય થી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે**
- **૪૦૦૦ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ન યોજીને ભાજપ સરકાર જ વહીવટદાર શાસન દ્વારા મનરેગા, નલ સે જલ સહીતની સરકારી યોજનામાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહી છે.**

સમગ્ર દેશને પંચાયતી રાજનું મોડલ આપનાર ગુજરાતમાં જ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને લોકશાહીના ફાયદાથી વંચિત રાખવા ૪૦૦૦ ગ્રામ પંચાયતમાં ૩ વર્ષ જેટલા લાંબા સમય થી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે. ભાજપ સરકારની ગ્રામ્ય વિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત ની 5400 જેટલી પંચાયતો જેમાં 4000 જેટલી પંચાયતો 2022 મુદ્દત પૂરી થઇ છે અને 1400 જેટલી અંદાજિત પંચાયતો જેની મુદ્દત 30 જૂન 2025 માં પુરી થાય છે સરકાર નાં ઇશારે રાજ્ય ચૂંટણી આયોગ ચૂંટણીઓ કરવા માગતું નથી. વન નેશન વન ઇલેક્શન એ લોકસભા અને વિધાનસભા માટે કાયદો લાવવા નો છે એ કાયદો હજૂ બન્યો નથી એ કાયદા નો પ્રયોગ કરવા સ્થાનીક સ્વરાજ ની ચુંટણીઓ સ્થગિત કરી ૩ વર્ષ થી ગામડા ની પ્રજા સ્થાનીક પ્રતિનિધિ ના ચુંટી શકે અને અધિકાર રાજ હેઠળ ગામડાઓ ની પ્રજા પીસાતી રહે અને દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને મહીસાગર જિલ્લા જેવાં મનરેગા અને નલ સે જલ જેવા કૌભાડ થતા રહે એ ખબર નથી પડતી કે સ્થાનીક સ્વરાજ ની ચૂંટણી ઓ સરકાર કરાવે છે કે રાજ્ય ચૂટણી આયોગ ? ૪ હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ ન હોવાથી સરકારના ઈશારે વહીવટદારો મનફાવે તે રીતે વર્તી રહ્યા છે. ૪૦૦૦ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ન યોજીને ભાજપ સરકાર જ વહીવટદાર શાસન દ્વારા મનરેગા, નલ સે જલ સહીતની સરકારી યોજનામાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહી છે.

ગુજરાત પંચાયત એકટ 1993/1994 માં જોગવાઈ છો કે કોઇપણ પંચાયત માં સરપંચ સભ્ય ની ખાલી થયેલી બેઠકો ની પેટા ચૂંટણીઓ 12 માસ પુરા થાય એ પહેલાં ખાલી બેઠકો માં ચૂંટણી ઓ કરાવવી એ રાજ્ય ચૂટણી આયોગ ની બંધારણીય જવાબદારી છે. રાજ્ય ચૂંટણી આયોગ લાંબા સમય સુધી સ્થાનીક સ્વરાજ ની ચૂંટણી ઓ કોઈ કારણ વગર રોકી શકે નહી. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 13 અનુસાર, ગ્રામ પંચાયતની મુદ્દત પૂર્ણ થયા પછી તેનું વિસર્જન થાય છે, અને નવી ચૂંટણીઓ યોજવી જરૂરી છે. ગ્રામ પંચાયતની મુદ્દત પૂર્ણ થયા પહેલાં અથવા મુદ્દત પૂર્ણ થયાના છ મહિનાની અંદર નવી ચૂંટણી યોજવાની રહે છે, જેથી નવી પંચાયતની રચના થઈ શકે. આ ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 13(2)માં જણાવેલ છે.

બંધારણ માં મતદારો ને સ્થાનીક પ્રતિનિધિ ચૂંટવા નો અધીકાર છે એ અધિકાર નુ હનન ના થાય એ જોવાની જવાબદારી રાજ્ય ચૂટણી આયોગ ની ફરજ માં આવે છે. સ્થાનીક સ્વરાજ ની ચૂંટણીઓ સાથે કોઈ લેવા દેવા નથી એ વન નેશન વન ઇલેક્શન ની વાતો કરી ચૂંટણી ઓ સ્થગિત કરવા ના કાવાદાવા ચાલે છે. ૪૦૦૦ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ક્યા કારણોસર નથી કરવામાં આવતી એનું કારણ સત્તાવાર રીતે રાજ્ય ચૂટણી આયોગ જાહેર કરે

**( ડૉ. મનિષ એમ. દોશી )**
**મીડિયા કન્વીનર અને પ્રવક્તા**